3જી ભારત-મોલ્ડોવા વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક (11 નવેમ્બર, 2026)

ભારત-મોલ્ડોવા વિદેશ કાર્યાલય પરામર્શ (એફઓસી) ની 3જી બેઠક 11 નવેમ્બર 2026 ના રોજ નવી દિલ્હીમાં યોજાઇ હતી.

2. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) રાજદૂત સિબી જ્યોર્જ દ્વારા કરવામાં આવ્યું હતું અને મોલ્ડોવાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ મોલ્ડોવા ગણરાજ્યના વિદેશ મંત્રાલયના રાજ્ય સચિવ, મહામહિમ સુશ્રી કોરિના કાલુગારૂ દ્વારા કરવામાં આવ્યું હતું.

3. એફઓસી દરમિયાન, રાજકીય, આર્થિક, શિક્ષણ, સાંસ્કૃતિક, કોન્સ્યુલર અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો સહિત દ્વિપક્ષીય સંબંધોના સંપૂર્ણ વ્યાપ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ ઊર્જા, કૃષિ, કનેક્ટિવિટી અને ક્ષમતા નિર્માણમાં સહયોગને વધુ ગાઢ બનાવવા પર ભાર મૂક્યો હતો. બહુપક્ષીય મંચો પર સહયોગ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

4. ભારત અને મોલ્ડોવા ગાઢ અને સૌહાર્દપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે. ભારત તરફથી સર્વપ્રથમ રાષ્ટ્રપતિ સ્તરીય મુલાકાત સ્વરૂપે, જુલાઇ 2026 માં ભારતના રાષ્ટ્રપતિની મોલ્ડોવાની ઐતિહાસિક મુલાકાતે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ પ્રદાન કરી છે. એફઓસીમાં યોજાયેલી ચર્ચાઓ ભારત-મોલ્ડોવા દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં યોગદાન આપશે.

5. બંને પક્ષો પરસ્પર અનુકૂળ તારીખોએ કિશુનાઉ ખાતે એફઓસીનું આગામી સત્ર યોજવા સંમત થયા છે.

નવી દિલ્હી

11 નવેમ્બર, 2026